सा विद्या या विमुक्तये

# શારદ

એપ્રિલ-૨૦૨૨ - વર્ષ ૪૨, અંક-૧

## ભૂલકા પધાર્યા મા શારદાને આંગણે રે...











કોવિડ-૧૯ના બે વર્ષના અંતરાળ બાદ શારદામંદિર બાલમંદિર (પાલડી)ના બાળકોનું તિલક કરી અભિવાદન કરવામાં આવ્યું.


# ૨ વર્ષના અંતરાળ બાદ શારદામંદિર બાલમંદિર વિભાગમાં ઉત્સાહથી ભણતાં ભૂલકાઓ



























सा विद्या या विमुक्तये

# શારદ

એપ્રિલ-૨૦૨૨
વર્ષ ૪૨, અંક-૧

**શારદામંદિર, અમદાવાદ.**

વાલીગણ
વિદ્યાર્થી મિત્રો,
નમસ્કાર

લાંબા સમય બાદ વિદ્યાર્થીઓના જીવનની ગાડી પાટા પર ચડતી હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. સૌ પ્રાર્થના કરીએ કે હવે એવા દિવસો ફરીથી પાછા ક્યારેય ન આવે. બે વર્ષની અંદર અભ્યાસક્ષેત્રે ઘણુ બધું નુકશાન થયેલ છે. વાલી-વિદ્યાર્થી-શિક્ષક-શાળાનો કોન્ટેક્ટ તૂટી ગયો છે. ઓનલાઈન ભણાવવાના કારણે વિદ્યાર્થીઓની ખામી અને ખૂબી જાણી શક્યા નથી. ફક્ત પોથી પંડિત જેવું શિક્ષણ કાર્ય થયેલ છે. હાશ! હવે અમને આનંદ છે કે બાળક નિયમિત આવતું થયું છે અમે પણ આનંદ અનુભવી રહ્યા છીએ.

કેટલીક બાબતોનું ધ્યાન રાખવાની જરૂર છે જે આજે હું આપને જણાવવા માંગું છું કે વિદ્યાર્થીકાળ દરમિયાન બાળક જ્યારે પણ શાળામાં આવે ત્યારે ગણવેશમાં જ આવે. વાલીઓને ખાસ આગ્રહ છે કે બાળકોને શાળાએ મોબાઈલ લીધા વગર મોકલે. શાળામાં મોબાઈલ ઉપર પ્રતિબંધ છે. અને હવે ઘણે પણ બાળકોનું મોબાઈલ સાથે વળગણ દૂર થાય તે જોતા રહેશો. નહીંતર ખરાબ પરિણામ આવી શકે એમ છે. બની શકે તો સાયકલ સાથે શાળામાં મોકલો. ટુ વ્હીલર પાર્ક કરવાની શાળામાં મનાઈ છે. શાળા છુટ્યા બાદ બાળકો દરવાજા બહાર ટોળે ન વળે અને સીધા જ ટાઈમસર ઘરે પહોંચે તેવો આગ્રહ રાખો અને તપાસ રાખો.

વાર્ષિક પરીક્ષાઓ નજીક આવી રહી છે. ધો.૧૦, ૧૨ ની બોર્ડની પરીક્ષા નજીકના દિવસોમાં શરૂ થવા જઈ રહેલ છે. તમામ વિદ્યાર્થી મિત્રોને હૃદયપૂર્વકના અભિનંદન. વિદ્યાર્થીઓ મિત્રોને સારૂ પરિણામ લાવો તેવી અપેક્ષાઓ સાથે Best of Luck !

શાળાકીય વાર્ષિક પરીક્ષા તા. ૧૯-૪-૨૨ થી શરૂ થશે. ખૂબ જ ઓછા સમયગાળામાં તૈયારીઓ કરવાની છે. હજુ પણ કેટલાક વાલી વિદ્યાર્થીઓ કોરાનાના ચોથા રાઉન્ડની વાતોમાં આવી જઈ સમય બગાડી રહ્યા છે. સમય સમયનું કામ કરશે, આપણે ફક્ત આપણા વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા કરીએ. વર્ષાન્તે શાળા શરુ થઈ છે અને હવે ઓફલાઈન શિક્ષણ જ ચાલુ રહે તેવી આશા.

- આચાર્ય
( વિજય રાવલ)

**નોંધ :** આવતા નવા સત્રથી કોઈપણ ધોરણમાં એડમિશન કરાવતી વખતે પ્રથમ છ માસિક ફી ફરજીયાત ભરવાની રહેશે અને બીજા સત્રનો પોસ્ટડેટેડ ચેક અનિવાર્ય આપવાનો રહેશે અને તો જ નવા સત્રથી એડમિશન પાકું ગણાશે.

**શાળામાં ઉનાળુ વેકેશન તા. ૯-૫-૨૨, સોમવાર થી તા. ૧૨-૬-૨૨, રવિવાર સુધી રહેશે**
**તા.૧૩-૬-૨૨, સોમવારથી શાળા રાબેતા મુજબ ચાલુ થશે.**

# અભિનંદન



### સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાનીઓની સ્થાનિક કથાઓ

આઝાદી કા અમૃત મહોત્સવ, રાજ્યકક્ષાના કલા ઉત્સવમાં વર્ષ ૨૦૨૧-૨૨ અંતર્ગત નિબંધ લેખન સ્પર્ધામાં આપણી શાળાની વિનયમંદિર વિભાગની ધો.૧૨-કોમર્સમાં અભ્યાસ કરતી ચિ. આત્રેયી પરીક્ષીતભાઈ જોષી એ ભાગ લીધેલ. જેણે જિલ્લા કક્ષાએ પ્રથમનંબર મેળવ્યો હતો. રાજ્યકક્ષાની સ્પર્ધા માટે નવસારી જઈને તેણે નિબંધ લેખન સ્પર્ધામાં ભાગ લીધેલ, જ્યાં દરેક સ્પર્ધકોને પારિતોષિક દ્વારા નવાજવામાં આવ્યા હતાં. શાળા પરિવાર તરફથી ચિ.આત્રેયીને ખૂબ ખૂબ અભિનંદન.



"ધિ અમદાવાદ મિલિટ્રી એન્ડ રાયફલ ટ્રેનિંગ એસોસિએશન" ગુજરાત રાજ્ય, સીવીલીયન રાયફલ સ્કીમ ટ્રેનિંગ અંતર્ગત, શારદામંદિર વિનયમંદિરમાં ધો.૧૧-કોમર્સમાં અભ્યાસ કરતો ચિ. હેત પંકજભાઈ દરજી ૦.૨૨ સ્મોલ બાર રાઈફલ શુટિંગ ટ્રેનિંગ પરીક્ષામાં સેકન્ડ ક્લાસ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. તે બદલ શાળા પરિવાર તરફથી ચિ. હેતને ખૂબ ખૂબ અભિનંદન.

# સંસ્થાકિય સમાચાર



તારીખ : ૨૪-૩-૨૨ને ગુરુવારના રોજ શાળાનાં શિશુમંદિર અને મોડર્ન સ્કુલ વિભાગના ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સવારે ૧૦ થી બપોરે ૨ વાગ્યા સુધી રસીકરણનો પ્રોગ્રામ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા શાળાના પ્રાંગણમાં યોજાયેલ, જેમાં લગભગ ૭૫% વિદ્યાર્થીઓએ તેમના વાલી સાથે હાજર રહી ખૂબ ઉત્સાહથી રસી મુકાવી.









# શાળાનું ગૌરવ




'ધ પ્રાઈડ ઓફ ગુજરાત' એવોર્ડ



ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસ દ્વારા સન્માનિત

ચોખાના દાણા પર પેઈન્ટિંગ કરવું તે એક સુંદર કલા છે અને ભારતભરમાં અને વિશ્વમાં તે કલાના જાણકાર ઘણાબધા કલાકારો છે. પરંતુ, આપણી શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિ. કલગી જીગરભાઈ શાહ દ્વારા કેનવાસ પર ચોખાના દાણાઓ દ્વારા કરવામાં આવેલ અલગ અલગ પેઈન્ટિંગ્સ એ એક તદ્દન અલગ અને અદ્વિતીય કલા છે અને ગુજરાતમાં અને કદાચ ભારતભરમાં આ સિદ્ધિ મેળવનાર એકમાત્ર કલાકાર એ કલગી શાહ છે. આ કલા દ્વારા અદ્ભુત ચિત્રોના સર્જન માટે તેને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસ દ્વારા સર્જનાત્મક કલાકાર (ક્રિએટીવ આર્ટિસ્ટ) તરીકે વર્ષ ૨૦૧૯ના રેકોર્ડ હોલ્ડર તરીકે સન્માનિત કરવામાં આવેલ. તેણીએ અભ્યાસની સાથે સાથે ફાઈન આર્ટસ કર્યું, ૨૦૧૨માં મધુબની આર્ટસ સાથે પેપર ક્વિલિંગ આર્ટ પણ શીખ્યું. બાદમાં ઓઈલ, પેન્સિલ, વોટર કલરથી તો ઘણાં બધાં પેઈન્ટિંગ્સ કરે છે એવા વિચાર સાથે કંઈક અનોખું કરવાનો વિચાર આવ્યો, ત્યારબાદ રાઈસના દાણાને કેન્વાસ પર ગોઠવવાનું શરૂ કર્યું અને ધીમે ધીમે રાઈસના દાણાથી પેઈન્ટિંગની તૈયારી શરૂ કરી. તેણીએ ૨૦૧૪થી આ પેઈન્ટિંગસ કરવાની શરૂઆત કરી. રાઈસ ઓન કેન્વાસ સિવાય સેમિરિયાલિસ્ટિક, ચારકોલ, સ્કલ્પચર પેઈન્ટિંગ, વૂડ, ઓઈલ, પ્રિન્ટ મોકિંગનો ઉપયોગ કરીને આશરે ૫૦૦થી પણ વધારે કલાકૃતિઓ તૈયાર કરી છે. જેમાં એક પેઈન્ટિંગ તૈયાર કરવામાં ૪ થી ૫ દિવસ જેટલો સમય લાગે છે. ચિ.કલગીની ચોખાના દાણાની પેઈન્ટિંગ્સ બનાવવાની વ્યક્તિગત ઉત્કૃષ્ટ કલાની સરાહના કરવા તેઓને 'ધ પ્રાઈડ ઓફ ગુજરાત' એવોર્ડથી પણ નવાજવામાં આવેલ છે.

ચિ.કલગી છેલ્લા લગભગ ૧૧ વર્ષોમાં પ્રોફેશનલ આર્ટિસ્ટ તરીકે કામ કરે છે. જેમાં અત્યાર સુધીમાં ૧૬ થી પણ વધુ ગૃપ એક્ઝીબીશન યોજાઈ ચૂક્યા છે. તે ડિપ્લોમાં ઈન ફાઈન આર્ટસ ઉપરાંત કલા ક્ષેત્રની દરેક ટેકનીકની જાણકારી ધરાવે છે.

આવી અપ્રતિમ સિદ્ધિઓ મેળવવા બદલ ચિ. કલગીને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.






## બાલમંદિર વિભાગ

- તા. ૨૨/૧૧/૨૦૨૧ને સોમવારથી બીજું સત્ર શરૂ થયું.
- તા. ૪/૧૨/૨૦૨૧ને શનિવારે સર્કસના પાઠ દ્વારા તેમાં કામ કરતા વિવિધ પ્રાણીઓ અને જોકર વિશેની માહિતી આપી. જોકરનું ગીત ગાવાની બાળકોને મજા પડી.
- તા. ૧૮/૧૨/૨૦૨૧ને શનિવારે 'વિટામીન રાજા'નું નાટક ભજવી શિયાળામાં આવતા લીલા શાકભાજીનું મહત્ત્વ સમજાવી જંકફૂડથી થતા નુકશાન વિશે સમજ આપી. સૂપ અને સલાડ ખાવાથી શરીરને મળતા પોષકતત્ત્વો વિશે સમજાવ્યું.
- તા. ૨૪/૧૨/૨૦૨૧ને શુક્રવારે નાતાલ પર્વ નિમિત્તે ભગવાન ઈસુખ્રિસ્તના જન્મ તથા જીવનચરિત્ર વિશે સમજાવ્યું.
- તા. ૮/૧/૨૦૨૨ને શનિવારે 'નોકર જોઈએ છે' પપેટમાં બાળકોને ગાજર ખાતા સસલાભાઈનો વિડિયો જોવાની મજા આવી.
- તા. ૧૧/૧/૨૦૨૨ને મંગળવારે બાળકોને Online Zoom પર ચીકુ, પપૈયું, જામફળ, સફરજન, કેળા, નારંગી જેવા ફળોને સુગંધ પરથી ઓળખતા બતાવ્યું.
- તા. ૧૩/૧/૨૦૨૨ને ગુરૂવારે ઉત્તરાયણ પર્વની સમજ આપી જાતે પતંગ કેવી રીતે બનાવવો ને બતાવ્યું.
- તા. ૨૫/૧/૨૦૨૨ને મંગળવારે પ્રજાસત્તાક દિનનું મહત્વ સમજાવ્યું. બાળકોએ પ્રજાસત્તાક દિનનું મહત્ત્વ સમજાવતા પાંચ વાક્યો સુંદર રીતે બોલી તેનો વિડિયો મોકલ્યો.
- તા. ૨૯/૧/૨૨ને શનિવારે ગાંધી નિર્વાણદિન નિમિત્તે બે મિનિટ મૌન પાળી ગાંધીબાપુને શ્રધ્ધાંજલિ આપી.
- તા. ૫/૨/૨૨ને શનિવારે વસંતપંચમી નિમિત્તે વસંતના ગીતો ગાઈ સરસ્વતી પૂજન કરી વસંતના વધામણા લીધા.
- તા. ૧૨/૨/૨૨ને શનિવારે હેન્ડ પેપર 'સિંહ અને સસલું'નો વિડિયો તૈયાર કરી બાકોને મોકલ્યો.
- તા. ૧૭/૨/૨૨ને ગુરુવારથી બાળકો હર્ષભેર સ્કુલે આવ્યા. બાલપૂજન કરી બાળકોનું ભાવભર્યું સ્વાગત કરી આવકાર આપ્યો.
- તા. ૧૯/૨/૨૨ને શનિવારે 'દલાતરવાડી' નું પપેટ ભજવ્યું. જેમાં દલાતરવાડીને કૂવામાં ડૂબતા ખાતા જોઈ બાળકો આનંદમાં આવી ગયા હતાં.
- તા. ૨૧/૨/૨૨ને સોમવારે 'વિશ્વમાતૃભાષા દિન' નિમિત્તે બાળકોને માતૃભાષાનું મહત્ત્વ સમજાવ્યું.
- તા. ૨૬/૨/૨૨ને શનિવારે 'મહાશિવરાત્રી' નિમિત્તે 'સાચા બોલા હરણાં'નું નાટક ભજવી ૐ નમઃ શિવાય ની ધૂન બોલાવી.
- તા. ૪/૩/૨૨ને શુક્રવારે બાળકોને વિવિધ સ્વાદ વિશે સમજ આપી. જુદા જુદા સ્વાદની પરખ જીભ દ્વારા કરાવવામાં આવી.
- તા. ૭/૩/૨૨ને સોમવારથી રમતોત્સવનું આયોજન કર્યું. એમાં લીંબુ ચમચો, સંગીત ખુરશી, વિઘ્ન દોડ, થ્રો બોલ, દાનની રકમ, મેમરી ગેમ જેવી રમતો રમાડવામાં આવી.
- તા. ૧૨/૩/૨૨ને શનિવારે બાળકોને મૂળ રંગની ઓળખ આપી એની મેળવણીથી થતા વિવિધ મિશ્રરંગોની સમજ આપી.
- તા. ૧૬/૩/૨૨ને બુધવારે 'ભક્ત પ્રહલાદ'નું નાટક ભજવી હોળીના પર્વનું મહત્ત્વ સમજાવી હોળીના ગીતો ગાઈ ઉજવણી કરી.
- તા. ૨૩/૩/૨૨ને બુધવારે તાલીમના બાળકોની સુલેખન સ્પર્ધા તથા તા. ૨૪/૩/૨૨ને બુધવારે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો.
- ચૈત્ર મહિનામાં લીમડાનું મહત્વ સમજાવી બાળકોને લીમડાનો રસ પીવડાવી ગુડીપડવા પર્વનું મહત્વ સમજાવ્યું.
- તાલીમમાંથી પહેલા ધોરણમાં જતાં બાળકોને તિલક કરી શુભાશિષ સાથે વિદાય આપવામાં આવી.

# Students' Corner

## The Benfits of Education

Educated person has a better understanding of Society.
Proper education improves people's understanding of the world around them making them less susceptible to the influence of others. Proper better understands their own and others purpose in society and their rights. This leads to a better understanding of people, fewer conflicts and more tolerance for difference.
Educated person are harder to manipulate. Which is conductive to the development of a more responsible society with fewer conflicts. All this creates an environment where social justice can thrive which entails :

- Equal rights
- Equal opportunity
- Equal treatment

Education helps a person to get knowledge and improve confidence in life. It can help you improve in your career and your personal growth. An educated person can become a great citizen in society. It helps you to take the right decisions in life.
Education in society helps people to be more active in their struggle for a better quality of life. As the citizens' understanding of the world around them grows, the entire society strives towards more efficient solutions to problems and the advnacement of everyday life. This is an important mission for the whole of humankind and it is crucial that each individual should have opportunities for personal advancement and making their own contribution.

- Navya Thakor (5-E)

---

**Due to COVID,**
The Nation was locked, The transportation was blocked,
The Streets were quiet "And"Nothing seemed right ....
But,
DON'T WORRY FRIENDS,
The storm will pass and there will be sunshine again, God will paint the rainbow in the sky once again...
Hush will soon disappear and Streets will buzz again,
Friends and Family will lavishly meet once again...
Dark clouds will soon subside and brighter days will come again,
Time will change and blossom will grow once again...
So,
Breathe in the air, Let our soul nourish, Enjoy this moment, Let our hope flourish.

---

## "Artificial Intelligence (AI)"

Artificial Intelligence is a combination of two words, Artificial and Intelligence....ie Man-made intelligence. When machines are equipped by man made intelligence to perform intelligent tasks like humans, it is known as Artificial Intelligence. "Artificial Intelligence is all about developing intelligent machines that can simulate the human brain and work and behave like a human being."AI is the fastest growing technology that makes human life much easier. Now we can see the vast application of AI in our daily life ..."Many famous social platforms like GOOGLE, FACEBOOK use AI. "Google assistance and Siri in iPhone is a virtual assistant program of AI."Amazon's Alexa and Amazon Echo is another example of AI."There are self controlled cars that work on the principle of AI."Intelligent Robots are developed by using AI. These robots can perform different tasks like, carrying goods in hospitals and industries, in detecting various diseases and diagnosis, finding new drugs, in wars, in rescuing the victims after natural calamities,in harvesting crops at high speed etc. "Video games that provide real time experience also use AI."AI is used in SPOTIFY , YouTube and Netflix too ."AI enables the computer system to understand and derive meaningful information from digital images and Videos."So, Whether we are using a smart phone or surfing the internet, buying products online or using smart lights,tv and thermostats, calling an uber or booking a flight ticket,we are using AI everywhere. "AI is undoubtedly a trending technology. We should used it wisely.

- Salunke Aaditya Jaydatt (5E)

# Students' Corner

## Why Indian Students go for Higher Studies to Foreign Countries

**Introduction :**
Today, I am going to raise a very Important issue relating to higher studies where Indian students are forced to go to Foreign Universities across the global for higher studies.

**Main Reasons :**
Advance Education : Education system abroad is more advance than India's and more availability of courses with this students to achieve their full potential while developing their personality to improve their chances of having a fulfilling & promising careers.

Universities & colleges abroad actively engage their students with a balance between theory & practicality. They offer both on campus & off campus experiences to equip their students with skills.

Education system abroad is the flexibility of the course based on their interest and also allows them to work part time so that they can earn while studying.

Strong Alumini networks comprise of people that own global companies of are great scholars as well. These networks helps student to get job offers & secure employment after graduation.

**Employment Prospects :**
One of the most prominent reasons is Employment.

Student prefer to study abroad and get an international qualification as its boosts their career prospects.

Graduates receives higher salaries & get more job opportunities.

International qualifications are valued much more than domestic degrees in India. Employees with more advanced degrees usually hold higher posts in companies. The salaries you receive abroad is much higher as compared to Indian Salaries.

Now a days skilled persons also get offer a stay back option on student visas. Also job satisfaction is higher for skilled person than in India as both ways like salaries & also respect.

**Immigration :**
Students apply with the end goal of immigration to us and U.K. countries. This way student apply for Permanent Residency after secure employment.

Canada hjas 3 years stay back policy, US has 2 years stay back policy, UK has 2 years stay back policy. During this time students get apply for work visa permenent residency.

This immigation plays a vital role in deciding the country for study at the past graduate level.

Apart from this affordability, the multicultural student community and environment that boasts a diverse student base short and quick programmes availabl for master's degrees. Wide range of programmer available in English and also available in Germany and France.

The clear surrounding and comfortable climatic condition, low tution fees, higher research opportunities and a vibrant and cosmopolitan life style.

- Vora Kavya (11-E-Commerce)

## Birds of Feather Flock Together

The proverb 'Birds of feathers flock together' means that different types of birds, animals and humans will not get merged in eachother or they will not take interest in eachother. Because their nature, their habitat or the things which they like to do are different from eachother.

Like for example, Have you ever seen a crow with the pigeon ? I am sure that your answer will be no. It's obvious that it cant happen. Because they bothe are from different breeds. So their nature, their habitat and everything else is not similar to eachother. There is not a single thing in common.

Different types of animals dont have interest in eachother. Hence, the pigeons flied with pigeons and crow flies with the crows, Similarly, the animals like dogs and eats dont stay together because again they are from different breeds. So everything they do is not same.

Let's take another example like there are so many different kinds of people in this huge world. But everyone has diffirent choises, Someone likes music or singing, some will like dancing, other one willlike reading or anything else., So when the peoples who likes music will merge wsith eachother very easily. But if we take same people who likes music and we will put them to the which who likes reading then there will be no mathc. Both of them will not get merged with eachother. They will not have fun. They will not have a connection.

So, The people of some taste will get interest in eachother or will get merged in eachother. By these such examples we can conclude that we like the people who are like us, birds likes the birds which are like them and animals likes the animals which are like them. Therefore this is applicable for all living organisms. Hence the conclusion is :

BIRDS OF FEATHERS FLOCK TOGETHER"

-Isha Nagar (9-E)

## શિક્ષક વિભાગ

### શિક્ષક એટલે ?

કોદાળીથી માંડીને કોમ્પ્યુટર સુધી
ઈંટથી માંડીને ઈન્ટરનેટ સુધી
વ્યથાથી માંડીને વહીવટ સુધી
સંઘર્ષથી માંડીને સમાધાન સુધી
પરેશાનીથી માંડીને પર્યાવરણ સુધી
ઓફલાઈનથી માંડીને ઓનલાઈન સુધી
પ્રયત્નોથી માંડીની પરિણામસુધી
નિરાશાથી માંડીને આશાના કિરણ સુધી
સાવરણીથી માંડીને સેનીટેશન સુધી
શિક્ષણથી માંડીને શિષ્યવૃત્તિનું ટેન્શન લેતો
અને કામ કરતો માણસ એટલે શિક્ષક.

### હું એક શિક્ષક છું

કક્કો શીખવીને તમને કલેક્ટર બનાવું,
પાટીમાં પેન ચલાવતા અને આકાશમાં પ્લેન ઊડાડતા શીખવું.
માટીના રમકડાં બનાવતાં બનાવતાં એન્જિનિયર બનાવું.
પીંછી પકડાવી પળવારમાં ચિત્રકાર બનાવું,
નખ અને વાળ કાપીને તંદુરસ્તી આપનાર ડૉક્ટર બનાવું.
ઢોલક ખંજરી વગાડતાં વગાડતાં સંગીતકાર બનાવું.
પ્રયોગોની કેડી પાથરી વૈજ્ઞાનિક બનાવું
અને જો તમારે કંઈજ બનવું ના હોય તો પણ તમને 'માનવી' તો બનાવું જ.
કારણકે
હું એક શિક્ષક છું.

- નલીન ત્રિવેદી (શિક્ષક-શારદામંદિર)

Covid - 19 pandemic struck us and changed the way we lived our lives. No words can describe the loss we suffered. Leaving those ill fated days behind, we are now ready to leap towards progress and prosperity. We all should work hard and make tireless efforts to take our country to the next level. But among all the proffessions and fields, we - the teachers have a huge responsibility on our shoulders. It's undeniable that the students have suffered a great loss in their studies during the pandemic. Schools were not allowed to open for almost two years. So study was mostly done via online mediums like Zoom meeting. Teachers gave their best efforts to teach online. But factors like network issues and non availability of smart phones hindered the growth and progress of students. As teachers, we all were worried about the future of our students. Now that schools have started offline again, we've got a chance to cover that loss. It's a massive and difficult task but not impossible. “Together with hardwork and tireless efforts of our passionate teachers and the support from the students and parents we sure will cover the loss and make our students shine. After all they are the future of our nation. "“At this stage we also appreciate the efforts of the parents who played a vital role of a teacher in the time of online era. And to students, we just want to say : “Glad to have you back.”

- Jignesh Kanzariya (Teacher-Shardamandir)

## શિક્ષક વિભાગ

### મા

મા એટલે આપણા જીવનનું એક અક્ષરનું પુસ્તકાલય, એક અક્ષરની પ્રાર્થના અને એક અક્ષરમાં મળી ગયેલું આખાય જગતનું હેત.

**જે રાતે**
**મમ્મી માથે હાથ ફેરવી સુવડાવે છે,**
**મને તમામ સ્વપ્નો**
**કચરલી વગરના આવે છે...**

મોટી મોટી હોટલોમાં સૂકો મેવો ભભરાવેલી મોંઘી ‘સબ્જી’ ખાઈએ, પણ જયારે મમ્મીના હાથની ‘સૂકીભાજી’ મળે ત્યારે એ સ્વાદ હંમેશા પેલા સૂકામેવાને અતિક્રમી જતો હોય છે. આપણે જયારે શાળામાં જતી વખતે નાસ્તાનો ડબ્બો ભૂલી જઈએ ત્યારે વિહવળ થઈને આપણી રિક્ષા કે વાન પાછળ દોડેલી મા યાદ આવે છે ને... માતા માટે પોતાના પરિવારથી વધુ ક્યારેય કશું જ નથી હોતું. પરિવારની જાણ બહાર કેટલીયે વાર તેણે કેટલો ત્યાગ કર્યો છે એ તો કોણ જાણે....

**રોટલી છેલ્લી દઈ દે, ના કદી કોઈ આપદા,**
**‘આ જ ઓછી ભૂખ.... ’ નું બહાનું ધરી દેતી સદા.**

માતૃત્વ પ્રકૃતિમાં બધે જ છે. ક્યાં નથી ? કળી છૂટ્યા પછી ધ્યાનથી જુઓ તો છોડની એ ડાળ સદાય માતૃત્વ મેળવીને લજાતી દેખાય છે. સૂર્ય ઊગે ત્યારે છાંયડો ઝાડ નીચે આરામથી ઉંઘી જાય છે અને વૃક્ષ એક માતાની મમતાથી તેના પર સૂકાં પર્ણોની ચાદર ઓઢાડે છે. બાલ્કનીમાં બનાવેલા માળામાંનું ઈંડું જયારે માળામાંથી નીચે પાડીને ફૂટી જાય ત્યારે જો સાંભળી શકીએ ને, તો કબૂતરીનું મૂક રુદન આપણને જરૂર સંભળાય છે. કોઈ સ્વચ્છંદ છોકરી ઘરમં આડેધડ વસ્તુઓ મૂકી દે ને, એમવૃક્ષ આપણા આંગણામાં સૂકાં પર્ણો ફેલાવે અને એક માતાની જવાબદારીથી પવન આવી તેને એક ઠેકાણે ભેગા કરે એ દૃશ્ય તમે પણ હિંચકે બેસીને કેટલીયે વાર જોયું હશે!

તમે જાણો છો ? મમ્મી આંસુ મોટાભાગે એકાંતમાં સારે છે, કુટુંબને તો એ ખુશીથી જ પસવારે છે.

**મોડી રાતે આંગણે બેઠી હતી મા એકલી,**
**શું ખબર શાને લીધે ભીની હજી છે ઓટલી.**

પત્ની, બહેન વગેરે જેવા અનેક પાત્રોને સતત અને સુપેરે ન્યાય આપતી માતાના થાકની કદાચ આપણને કલ્પના નથી હોતી.

**રાત પણ થાકી ગયાના ભારથી ઝોકે ચડે,**
**આપણી મમ્મી પછી થોડી જરા આડી પડે.**
**પાંપણો પર સ્વપ્ન થોડાં આપણા આંજે ને ત્યાં,**
**આંખ તો મીંચાય ના મીંચાય ત્યાં સૂરજ ચડે.**

મિત્રો, આપણે સૌ પ્રણ લઈએ કે આવી વહાલી આપણી માતાની આંખમાં આવેલ આંસુનું કારણ આપણે તો કદી નહીં બનીએ. ખરું ને ? મા આપણી સાથે હોય કે દૂર, તેનો મમતાભર્યો હાથ કાયમ આપણા માથે રહે છે તે એક અનન્ય ઈશ્વરીય ઉપકાર જ છે ને.

**રોટલી પર થીજી જઈને જેમઘી સચવાય છે,**
**જિંદગીભર માની મમતા એમ અનુભવાય છે.**

અસ્તુ.....

- સાકેત દવે (કોમ્પ્યુટર શિક્ષક, શારદામંદિર)

# ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ

## શારદામંદિરના અનુભવો



અલંકાર નાયક

૩ વર્ષની ઉંમરે.... નાના બાલમંદિરમાં પ્રવેશ્યા અને નવા મિત્રો બનાવ્યા. એમાંના ઘણા આજે પણ અંગત મિત્રો છે. આજે ઘણા વર્ષ પછી પણ એટલા જ નજીક છીએ. વાસ્તવિક્તામાં એ ઉંમરે શું શીખ્યો એ તો યાદ નથી પણ કેવા તોફાનો કર્યા અને કેટલી મજા કરી એ તો આંખ બંધ કરીને સ્મરણમાં જોઈ શકું છું. પ્રાર્થનામંદિરનો રસ્તો અને એ પાથરણાઓની વાસ આજે પણ યાદ છે. દિવસમાં એક-બે માલગાડીઓ, ટ્રેન પસાર થાય ત્યારે ડબ્બા ગણવાનું ક્યારેય ચૂકતા નહિં.

૫ વર્ષની ઉંમરે... પાંચ વર્ષે પહેલા ધોરણમાં પહોંચ્યા ત્યારે જાણે સ્નાતક થઈ ગયા એવો અનુભવ થતો હતો. વર્ગમાં પાથરણા ઉપરાંત પાટલીઓ મળી ત્યારે એવું લાગ્યું કે મોટું પ્રમોશન મળી ગયું. ભણવા કરતાં રીસેસમાં ઝાઝો રસ હતો. રમકડાં તો નહિ એટલે ઈંટો ઉપર ઈંટો મૂકીને, ધક્કા મારીને જાણે ટ્રેન ચલાવતા હોય તેવો અનુભવ હતો. ક્યારેક બે ઈંટોને એકબીજાની ઉપર ઘસીને ભૂકો કરવામાં ખૂબ આનંદ થાય. કપડાં લાલ થાય અને ઘરે માર પડે એ જુદી વાત. રવિવારની રજાએ મિત્રો ના મળે એ નહીં ગમતું.

શરૂઆતના વર્ષોમાં મારા માતાપિતાએ એક ગાડીની વ્યવસ્થા કરી હતી. તેમાં જ શાળાએ આવતાં અને ઘરે પાછાં જતાં. પછી શારદામંદિરની લીલી બસ (શારદામંદિરનો ખટારો) વ્યવસ્થા થતાં ધોરણ-૩ સુધી લીલી બસમાં તોફાન કરવાની, કંડક્ટરને હેરાજ કરવાની મજા આવતી. ચોથા ધોરણમાં આવતાં પિતાશ્રીએ સાયકલ અપાવી. નાનાભાઈ અને નાની બહેનને ઘરનો માણસ સાયકલ પર ત્રણ સવારીમાં મૂકવા આવતો અને હું એની સાથે સાથે મારી સાયકલ ચલાવીની આવતો. જૂના શારદામંદિરના વર્ગખંડો, રમતનું મેદાન, ઉપર જવાના પગથિયા અને વર્ગોની આગળની પરસાળ પર આજેય યથાવત યાદ છે. તે વખતના શિક્ષકોનો હું આજીવન ઋણી છું. જીવનના પાયાના સિધ્ધાંતો ત્યાં શીખ્યા તે આજે પણ જિંદગી જીવવાના સિધ્ધાંતો બની રહ્યા છે, જાણે કે શરીરના કોષોમાં સમાઈ ગયા છે.

પાંચ વર્ષે નવા શારદામંદિરમાં જવાનું થયું જાણે મોટા થઈ ગયા હોઈએ અને બાળપણ પુરું થઈ ગયું હોય તેવું લાગતું. નવા વર્ગો, નવા શિક્ષકો, નવું પ્રાર્થનામંદિર બધું જ નવું નવું લાગતું. પણ મિત્રો તો એ જ જૂના અંગત હતાં. ઘણા નવા મિત્રો પણ બનાવ્યા. બધાના નામયાદ કરીને લખવાનું શક્ય નથી. પણ બધાને પ્રેમથી યાદ કરું છું અને જ્યારે જ્યારે એકલદોકલ મિત્ર મળી જાય ત્યારે બીજાઓના નામયાદ કરીને નોંધો સરખાવીએ છીએ. ત્યારના શિક્ષકો પાસેથી સાચું જ્ઞાન અને નિતિમત્તાનું મનોબળ મેળવ્યું. શારદામંદિરનો વિદ્યાર્થી દુનિયામાં ક્યારેય પાછો પડ્યો નથી. હંમેશાં આગવો રહ્યો છે. ગળથૂથીમાં જ આપવામાં આવેલા અને શાળામાં અમલ મૂકવામાં આવેલા સિધ્ધાંતો આખી જિંદગીમાં કામલાગ્યા છે. આ કેળવણી જિંદગીમાં આવતાં વાવાઝોડામાં હોકાયંત્રનું કામઆપીને દિલ-દીમાગને મજબૂત બનાવ્યા છે.

આ વર્ષોમાં 'અમદાવાદ લૉ સોસાયટી' શાળા ચાલું થતાં કેટલાક મિત્રો ગુમાવ્યા પણ એની સાથે નવા મિત્રો પણ બનાવ્યા.

પછી આવી હાઈસ્કુલ... જાણે આખી શાળામાં રાજા હોઈએ એવો અનુભવ થતો. ખો-ખો અને કબડ્ડીમાંથી પસાર થઈને ટેબલટેનીસ, વોલીબોલ ચાલુ કર્યું અને બીજા એક-બે વર્ષોમાં ક્રિકેટનો રોગ લાગ્યો.


દરેક ઉપલબ્ધ વધારાની મિનિટમાં જે નાગોલચું, ભમરડા, લખોટીઓ, ગિલ્લીદંડા રમતા હતા તે છોડીને ક્રિકેટની પાછળ પડ્યા. ભણવાનું ધીમે ધીમે અઘરું થતું ગયું હતું. બીજગણિત, ભૂમિતિથી ભેજું ભરાઈ જતું હતું. સૌથી વધારે મજા શારદામંદિરની પરિપૂર્ણ પ્રયોગશાળામાં આવતી. ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રના પ્રયોગોમાંથી જે શીખ્યા તે કોલેજમાં કામલાગ્યું. એના સિધ્ધાંતો તો જિંદગીભર ઉપયોગ રહ્યા.

આ સમય દરમિયાન પ્રાર્થનાના સમયમાં અને વર્ગના સમયમાંથી કેમછટકવું, બીજું કામકાઢીને એના બહાના હેઠળ રખડી ખાવું, અને પ્રયોગ અને થિયરીમાંથી એક વિજ્ઞાન બનાવી દીધું હતું. શાળાના ઉપરના કામો કરીને, વીજળીના રીપેર, ફ્યુઝ બદલવા, સ્પીકર અને એમ્પ્લીફાયર, લાઉડ સ્પીકરોને મેનેજ કરવા સાથે સિનેમાના પ્રોજેક્ટર ચલાવવા વગેરે આગળના વિદ્યાર્થીઓ પાસેથી શીખીને પોતે જ નિષ્ણાત થઈ ગયા હતાં. શિક્ષકો અમારા આ બહાના સમજતા હતાં પણ એ પણ જાણતા કે અમે ભણવામાં પાછા થતી પડતાં. વર્ગમાં ખૂબ સ્પર્ધાત્મક હતા અને એક પણ માર્કને છોડતાં ન હતાં. શિક્ષકો એટલે જ બધું ચલાવી લેતાં.

શારદામંદિરના પ્રવાસોને કેમભૂલાય ? ચોથા ધોરણથી જ પ્રવાસના આયોજનની આતુરતાથી રાહ જોતાં. ગુજરાત અને ગુજરાતની બહારના સ્થાનોના પ્રવાસ આજેય યાદગાર છે. ટ્રેનની મુસાફરી, બસની મુસાફરી, ધર્મશાળાઓમાં રાત રોકાવાનો અનુભવ, નદીમાં નાહવા પડવાનું અને પહાડો ચઢવાનું, કોતરમાં ભમવાનું આજે પણ એટલું જ યાદ છે. આ સમયો અને અનુભવો જીવનભરની મિત્રતાઓ બનાવી.

પ્રાતઃપ્રાર્થનાથી શીખેલી શિસ્ત એ રોમેરોમમાં સમાયેલ છે એ કેમ ભૂલાય. શારદામંદિરે જે આપ્યું તે અમૂલ્ય છે. જે શિક્ષકો મળ્યા અને જે કાંઈ તેમની પાસેથી શીખ્યા તેનો આદર સહિત દેવાદાર-ઋણી છું.

# Why I am at the Reunion



Chaitanya Thaker, USA

On the fifth floor of the Museum of Modern Art in New York hangs this painting by Salvador Dali.

The strange landscape features clocks that have melted on to hard objects. The surreal appearance of these objects deepens as we better understand the pervasiveness of memories. Memories store how we have experienced life. And our perceptions are often distorted or tainted by our memories. The painting is entitled "Persistence of Memory". The clocks, or the memories, are depicted as malleable, casting doubt on just how sure we can be of what we remember. The high school reunions are all about our earliest memories; a time to wonder at their persistence to forever shape how we have learned to see our lives.

50 years is such a long time! How did we get here so fast? I am grateful to Piyush for insisting I attend the reunion. I was fretting giving up the Consumer Electronics Show in Las Vegas this year. The incredulity of my wife and daughter at my hesitation eventually tipped the balance. I now wonder just what was I thinking? Thank you, all members of the organizing committee, for dreaming up this amazing event; and making it happen. Lot of work!

I will make three short points about the prism through which I am seeing this event: (1) Heaven, (2) Fulfillment, and (3) Exit Ahead.

**(1) Heaven**

The earliest memory of this Prarthana Mandir is associated with that wonderful tradition of Pratah-Prarthana. Starting with 4th grade, I remember waking up very early (5:30 AM?) and riding that old green school bus from the old Sharda Mandir to the new. As I got older, riding a bicycle in the pre-dawn cold to school didn't diminish the exquisite quality of the ordeal. We sat on the cold floor under the watchful eyes of Vajubhai Dave (the fearless founder and the legendary principal). Manibhai played a dilrooba for a few minutes, I now forget his standard playlist, which ended in a contemplative silence. After some yoga with Ramanbhai Dave and the calisthenics performed with Prabhubhai Patel's military precision, we broke out joyfully into the games. Being handed a banana on the way out, we happily rode the bikes home with endless chattering. Barely enough time would be left to cleanup, eat, and return to school for the classes.

I recall a line from a poem by William Wordsworth at the French Revolution (not that the French Revolution and Pratah-Prarthana have anything in common).

"Bliss was it in that dawn to be alive,
But to be young was very heaven!"

I concede the point that it is a bliss to be alive in any dawn, however, being young with you all in those dawns was heavenly. It is true that we make our own heavens… and hells. We also make the choices to reside in either. I am grateful to you for the role you played in creating that heaven for me.

So many stories come to mind of this heaven. Awareness of the differences among our respective families' material resources came long after we had taken a measure of each other and made friendships in the glow of that equality.

These friendships, untainted by utilitarian motives, have happily endured. A strangeness of the tradition of the boys and girls not talking to each other must be noted. Talking with the other gender doesn't normally denote romance. I recall being punished once for talking in class while Dayashankarbhai Upadhyay. I was made to go sit in the middle of the girls for the rest of the class. He missed the point that he also punished the adjacent girls simultaneously. Or perhaps, he didn't miss the point; he merely, and deliciously, enjoyed the delicate discomforts he was causing. Not forming deeper cross-gender friendships then was a loss. What were we thinking?

No memory of a heaven is complete without the memories of our youthful pranks. And no pranks of our youth come anywhere close to the one that came about on a trip some boys had taken to the north. While in Delhi, Alankar had arranged for us to stay at the home of his grandparents at 5 Tuglakh Road. Mr. and Mrs. Gulzarilal Nanda were incredibly gracious, in fact extravagantly affectionate in welcoming the grandson and his friend into their home. Mr. Nanda was a saint, beyond the touch of muddy politics of the day. Mrs.

Nanda was his rock-solid partner and a matriarch who loved life. In the midst of their inspiring lives, we dropped in for a few nights and we were treated by them as family. [Thank you, Alankar, for bringing us to experience their gentle kindness.] Now onward with the prank. Mrs. Nanda had a mynah bird that spoke back, clearly, any words you spoke to it. She had trained the bird to say, in a cadence, "SitaaaRaaam". The bird would promptly repeat back… "SitaaaRaaam". Every morning and evening, or when passing by the bird, she would say, "SitaaaRaaam". The bird would immediately and happily chirp back, "SitaaaRaaam"; all to her great satisfaction.

Fascinated, we boys were rapt with attention. One afternoon, Yogesh spent some time with the bird. That evening, Mrs. Nanda, as she presided over dinner, express a puzzlement. "I don't know what has happened to this silly bird," she said. "When I say Sitaaa Raaam to the mynah bird, it keeps saying DintaaaRaaam. Just what on Earth is that?"

All of us boys slowly sank under the table, unable to contain a gut-busting attack of pure laughter. To this day, I start laughing when I see talking birds, and remember this as the best prank… of all time.

**(2) Fulfilment**

Speaking of time, we all experience it differently, on different occasions. It can move too fast when we are having fun. Or slow to a crawl when we are not. There is pressure when there is little of it; and a sense of luxury when there is plenty. We have heard admonishments about its value and importance for all the accomplishments that await.

But accomplishments are no guarantees of fulfilment. And fulfilment is a deep sense of satisfaction; a simple, authentic joy of being alive. So… let's leave unopened our ledgers of accomplishments, or the tales of fortunes made or lost; and really talk about what we have experienced by way of joy and fulfilment.

I expect we will talk of our loves and family, kindnesses given and received, lives changed and remade, intense moments when we have felt to be really alive!

**(3) Exit Ahead**

Now that we are all 65+, the road ahead is shorter than the one we have already travelled.

I have seen our future! It is Plasma when our Sun will go nova. Nothing shall survive that Tandava dance of a dying star, blowing itself up to smithereens. Wait just a short couple of billion years! If that is too long for you, let's try comprehending a span of just a few thousand years. Arguably, Ramses II was the most important, and the most accomplished, pharaoh of the ancient Egyptian dynasty.

He built a huge monument to himself facing the Nile at Luxor. Giant statues of the great leader and his queen, gazing into the horizon, casting long shadows at dawn and dusk. Sheer height and the size of these statues easily intimidate us mere mortals.

English poet Percy Shelley wrote a poem entitled Ozymandias. That is the Greek name for Ramses II. I believe the poem to be a contemplation on our ambitions for accomplishments, leaving a lasting legacy, even a drive to achieve some historical importance. Here is how it goes…

I met a traveller from an antique land,
Who said "Two vast and trunkless legs of stone
Stand in the desert. . . . Near them, on the sand,
Half sunk a shattered visage lies, whose frown,
And wrinkled lip, and sneer of cold command,
Tell that its sculptor well those passions read
Which yet survive, stamped on these lifeless things,
The hand that mocked them, and the heart that fed;
And on the pedestal, these words appear:
'My name is Ozymandias, King of Kings;
Look on my Works, ye Mighty, and despair!"
Nothing beside remains. Round the decay
Of that colossal Wreck, boundless and bare
The lone and level sands stretch far away.

Lightening our loads, then... Let's laugh. And lift each other up. Let's tell funny stories. And sweet little lies. Let's sing; and let's dance. As if it is our last dance. Fulfilment awaits!

---

## ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ


### ફાગણનાં ગીતો
### (સંગીત શિક્ષક પ્રતિમાબહેનને અંજલિ)
### - RJ દેવકી, RJ પૂજા અને મિત્રો

Hi... અમે બધાં એકબીજાને દોઢેક દાયકાથી ઓળખીએ છીએ. શારદામંદિરમાં સૌ સાથે ભણતાં. આજે અમે એક ખાસ વાત - સંગીત શિક્ષક પ્રતિમાબહેન - માટે Special Conversation દ્વારા ઈન્ટાગ્રામપર ભેગા થયાં છીએ અને દરેક પોતાની વાત રજૂ કરશે.

મને ખબર નથી કે મોન્ટેસોરી પધ્ધતિ વિષે કેટલાં જાણે છે. શારદામંદિર એવી શાળા છે, જેની શિક્ષણ પધ્ધતિ મેડમ મોન્ટેસોરી પ્રેરણાથી ઘડાયેલી છે.એટલે કે એવી શાળા, જ્યાં બાળકો પોતાના અનુભવો અને experienceથી શીખે.

I am very proud to be lineage of this School. અમારાં પેરેન્ટસ પણ ત્યાં ભણ્યા હતાં અને કુટુંબમાંથી પણ blood relationનું કોઈ તો અહીં ભણેલું હતું. અમે મેળાઓ, ઉત્સવો અને બહુ બધી વસ્તુઓ - યજ્ઞથી લગ્ન વિધિ વિષેનું જ્ઞાન આ સ્કુલમાં મોન્ટેસોરી પધ્ધતિથી મેળવ્યું છે.

ઈતર પ્રવૃત્તિઓ માટે અદ્‌ભૂત ટીચર્સ હતાં અને આજે પણ છે. ચિત્ર, Crafts, સંગીત, Dance શીખવવા માટે - અમારે સમયે પ્રતિમાબેહન જેવા fabulous teachers હતાં. અમે (દેવકી અને પૂજા) જ્યારે એક જ રેડીયો સ્ટેશન પર સાથે કામકરતાં હતાં ત્યારે અમે અમારાં શારદામંદિરના સંગીત શિક્ષક પ્રતિમાબહેનને ખાસ બોલાવ્યા હતાં,અને (ધૂળેટી પ્રસંગના) જે ગીતો અમે સ્કૂલમાં ગાતાં હતાં, તે રેકર્ડ કરવા તેઓ હાર્મોનિયમલઈને સ્ટુડિયોમાં આવેલા ત્યારે ખૂબ સુંદર રીતે તેમણે ફાગણ અને એના ગીતોની journey સમજાવી હતી. કેટલાં બધાં ગુજરાતી ગીતો !



ઈન્સ્ટાગ્રામ લાઈવ પરથી... અંશતઃ

પ્રતિમાબહેન માટે આ પ્રોગ્રામ ખાસ Tribute છે કારણકે ગયે વર્ષે આપણે એમને ગુમાવ્યા છે અને આપણે એમનો કેટલો મોટો સંગીત વારસો મેળવ્યો છે. એ કેટલું સરસ કહેવાય કે આપણે દરેકે દરેક તહેવાર અને પ્રસંગોના બાળગીતો આવડતાં. આજકાલના બાળકોને તો ખબર જ નથી કે ગુજરાત ભાષામાં આટલાં બધાં બાળગીતો છે ! સ્કૂલમાં આ બાળગીતોની CD અને ગીતોની નાની બુકલેટ પણ આપવામાં આવતી - તે ખરીદીને એમાંથી ગાઈને શીખવાનું રહેતું.

રેડિયો ઈન્ડસ્ટ્રીઝમાં ઘણા બધા મિત્રો શારદામંદિરમાંથી આવ્યા છે. ચાલો આપણાં બધાં friends ને પૂછીએ કે કોને કયું હોળીગીત યાદ છે ? આજે પ્રતિમાબહેનને યાદ કરીને ગીતો ગાઈએ; 'હોળી આવી રે રંગ લાવી રે... ' 'ફાગણ ફોરમતો આયો....' 'માંરવાડને માંડવાડ, હો રંગ રસિયો ફાગણ આયો...'

આ બધાં પર નાનપણમાં ડાન્સ કરવાની પણ બહુ મજા આવતી હતી. હજી ડાન્સના steps પણ યાદ છે ! આપણે એટલા બધા ગુજરાતી વાતાવરણમાં હતાં કે બોલીવુડની કોઈના પર કોઈ અસર નહોતી. હોળીની સાચી મજા તો આ બધામાં હતી.

દરેક સ્કૂલની યાદગીરી વિશેષ હોય છે પણ શારદામંદિરની ખાસ વિશેષ છે - જ્યારે જૂના વિદ્યાર્થીઓ મળે અને જે ક્ષણે કહે કે 'I am from Shardamandir...' - બસ, તરત જ તમે એની સાથે જોડાઈ જાઓ છો. That very instance, that special connection is there - that there is so much to talk about. બીજી એક ખાસ વાત એ છે કે શારદામંદિરના વિદ્યાર્થીના ઉચ્ચારો બહુ જ સાફ છે. ભાષા પરથી જ ખ્યાલ આવી જાય કે ગુજરાતી શુદ્ધ છે. જ્યારે સ્કૂલની બહાર જાઓ અને બીજે બધે લોકોને મળો ત્યારે જ ખબર પડે કે આપણી સ્કૂલના culture અને ભાષા શુદ્ધ છે અને બીજાંઓથી જુદા પડે છે.

પ્રતિમાબેહન અમને બહુ સારું સંગીત શીખવતાં. કેટલીકવાર બાળક તરીકે વિદ્યાર્થીને એવું લાગે છે કે શિક્ષક આવું કહે છે પણ જો શિક્ષક એવું - એટલે કે સાચું ન કહે તો બાળકો શીખે શી રીતે. એ વાત જીવનમાં પછીથી સમજાય છે. પ્રતિમાબહેને અમને વિદ્યાર્થીનીઓ તરીકે સ્વીકાર્યા એ જ અમારે માટે મોટી વાત છે. જોકે તેઓ વિદ્યાર્થીની કરતાં દીકરી જેવું વલણ વધારે રાખતાં. અમારાં અંગત અનુભવોથી અમને તેમનું કૂણું સ્વરૂપ જાણવા મળ્યું. She was very emotional and sensitive and a very warm person. અમને લાગે છે કે અમે અમારા પરિવારની જ કોઈ વ્યક્તિ ગુમાવી. શારદામંદિરના દરેક વિદ્યાર્થીને પણ આવી જ લાગણી થતી હશે.

## શ્રધ્ધાંજલિ

### સ્વ. સુરેશભાઈને શ્રધ્ધાંજલિ



ઓહ ! આજે તો બાલપૂજનનો દિવસ ! છેલ્લાં કેટલા સમયથી કેરોનાને કારણે સ્કુલ બંધ રહી છે. કદાચ છેલ્લી બોર્ડની પરીક્ષા માંડ પુરી થઈ ને બધું જ બંધ થઈ ગયું. તે આટલા સમય પછી હવે ચાલીસ બાળકો માટે પ્રિ-પ્રાયમરી અને બાલમંદિર બધું જ ચાલુ કરવાની શિક્ષણખાતાએ પરવાનગી આપી. એના આનંદને વળી સીમા ક્યાંથી હોય ! સુરેશભાઈ પોતે જ બાલમંદિર પહોંચી ગયા. એક એક બાળકને ભાવપૂર્વક કપાળમાં તલીક કરી ચોકલેટ આપીને એમનું બહુમાન કર્યું. એનો આનંદ બાળકોને તો હોય જ પણ તેનાથીય વધુ તો સુરેશભાઈનો આનંદ સમાતો ન હતો. પણ થાય છે એવું કે ક્યારેક માણસ એના આનંદના અતિરેકને સહી શકતો નથી. એવું જ સુરેશભાઈને થયું. કોઈનીયે પાસે પાણીનું પવાલું નહીં જ પીવાનો નિયમસદાય પાળનાર સુરેશભાઈએ જાતે ઉભા થઈ પાણી લીધું ને હજી ઘૂંટડો ભરે ત્યાં જ તેમના આત્માએ દેહ છોડી દીધો. એકાએક આ શું થઈ ગયું ! ના, ના, કશું જ સમજાતું ન હતું. એમને શ્રધ્ધાંજલિ પણ કેવી રીતે આપી શકાય. હૃદય એવું હચમચી ગયું કે શબ્દો ય વામણા પડે....

સુરેશભાઈએ તો આખું જીવન જ સ્કૂલને અર્પણ કરી દીધું હતું. સ્કૂલના હિસાબ કિતાબ તો એમને હસ્તગત હોય જ પણ એમની સાથે કામ કરતાં કરતાં મને પણ કેટકેટલું શીખવા મળ્યું છે એ હું કેમભૂલી શકું ? શાળા શરૂ કરી ત્યારથી મુ.દિનુભાઈએ મને ‘શારદ’નું કામ સોંપ્યું... મારે માટે એ એક ચેલેન્જ જેવું કામહતું પણ એમાં શ્રી સુરેશભાઈની મદદથી હું એ કામસરસ રીતે સંભાળી શકી. ‘શારદ’થી છેલ્લી પ્રુફ તો હું સુરેશભાઈ પાસે જ જોવડાવું. એમની ઝીણવટભરી નજર નીચેથી એ પસાર થાય એટલું હું નિશ્ચિત બની જાઉં. એવું જ અમારી મીટીંગોની મિનિટસનું થાય. મિટીંગ પહેલા ય એવું સરસ રીહર્સલ થયું હોય, કમિટીનાં કોઈ જ સભ્ય એમાં ક્યારેય ભૂલ કાઢી ન શકે. નવા ઠરાવો લખવા, વર્ષ પુરું થતાં ઓડીટરની સહી સાથે એનાં હિસાબ કિતાબ રજૂ કરવા. સુરેશભાઈ કેટકેટલું સંભાળી લેતા હતાં ! મુ.દિનુભાઈનો તો એ જમણો હાથ. સ્કૂલ માટે સર્વેસર્વો એવા એ સુરેશભાઈને સ્મરણાંજલી. શ્રધ્ધાંજલિ આપતા મન ભર્યું ભર્યું બની જાય છે. એમના વીના શારદામંદિરને પડેલી ખોટ ક્યારેય પૂરી શકાય એવી છે ખરી ?

- ડૉ.ઊર્મિલા શાહ

છેલ્લા ૫૫ વર્ષ કરતાં પણ વધારે વર્ષ કરતાં પણ વધારે સમયથી શારદામંદિર સાથે જોડાયેલા રહીને ઓફિસનું કામ પૂરેપૂરી જવાબદારી, ખંત, ચોકસાઈ અને નિષ્ઠાથી નિભાવનાર શ્રી સુરેશભાઈને આમ અચાનક ગુમાવતા સંસ્થાને ભારે દુઃખ થાય છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના. ૐ શાંતિ.

- શારદામંદિર ટ્રસ્ટીગણ તેમજ શાળા પરિવાર

**પ્રકાશક : શારદામંદિર ટ્રસ્ટ,**
નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૯૧-૭૯-૨૬૦૦૨૪૨, ઈમેઈલ : shardamandir1924@gmail.com, વેબસાઈટ : www.sharadamandir.com
‘શારદ’નો આ અંક શાળાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.